શ્રી રામાયનમઃ

દરેક હિન્દુ ભાવિક ભક્તોને હમેશાં
ઘરમાં રાખવા લાયક

શ્રી સદ્‌બોધ
ચિંતવન માળા.

લખનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર
રામભક્ત કા. ઉત્તમરામ ભગવાનદાસ
મંછરપરાની ખરાડી શેરી—સુરત.

મુલ્ય (અમુલ્ય)

શ્રી રામ

॥ ॐ तत्सत परमात्माने नमः ॥

શ્રી સદ્બોધ ચીંતવન માળા.

લખનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

રામભક્ત ઉત્તમરામ ભગવાનદાસ

મંછરપરાની ખરાડી શેરી—સુરત.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

સુરત ભાગાતળાવ રોડ પર આવેલા ધી "સંદેશ" પ્રિન્ટિંગ

પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

મુલ્ય (અમુલ્ય)

શ્રી રામ

ચેભી દીન જાયગે

હે સુજ્ઞ પુરૂષો આ સુત્ર (ચેભીદીન જાયગે) એનું વારંવાર સ્મરણ કરો સબબ: "પ્રભુ પળમાં ચાહે તે કરે" રાયને રંક અને રંકને રાય, કરવાને તે સબળ શકિતવાન છે. તો મનુષ્ય માત્રોએ ચઢતીમાં પુલાઇ જવું નહી, અને પડતીમાં ગભરાઇ જવું નહી, યથાશકિત રામ રટણ કરવું. જેમ બાળપણ રમત ગમતમાં ગુમાવ્યું યુવાની મદમસ્ત બની ગર્વ ધારણ કરી અહંકાર અને હુંપદમાં ગુમાવીશ પછી વૃદ્ધાવસ્થામાં નિરબળ અને પરવશપણામાં રહી તું શીરીતે ઇશ્વર સ્મરણ કરીશ માટે દરેક અવસ્થામાં સાવચેત રહી દુઃખ સુખ સમાન ગણી સમદ્રષ્ટિ રાખી સર્વ નાશવંત છે. સુખ પાછળ દુઃખ અને દુઃખ પાછળ સુખ છેજ તરણાનો મેરૂ અને મેરૂનું તરણું પરંપરાથી થાય છે માટે મોહવશ નહી થતા આ સુત્ર યાદ રાખી. મનુષ્ય દેહનો અમુલ્ય સમય ઇશ્વર ભકિતમાં ગુજારવો.

અનુક્રમણિકા.

શ્રી સદ્‌ગરૂ વિજયતે.

પ્રકરણ ૧ લું.

ઉદ્‌ગાર અને ગ્રંથાર્પણ.

સર્વ સજજન બંધુઓ અને શુશિલ બહેનો મારી દાદ દીલમાં લેશો એવી મારી આશા છે આ સૌ સાર સંસારમાં મનુષ્ય અવતાર સર્વથી શ્રેષ્ટ છે અને તે ગયા જન્મમાં સુકૃત્ય કરવાથી મનુષ્ય દેહ પ્રાપ્ત થયો છે માટે મનુષ્યનુ મુખ્ય કર્તવ્ય શું છે તે જાણવું જોઇએ શ્રી રામ નામ મહામંત્રનો જપ કરવાથી તથા બીજા સાધનો વડે મુકિત મેળવવાનો અધીકાર આ અમુલ્ય મનુષ્ય દેહમાં આપેલો છે માટે મનુષ્ય દેહ વડે કોઇ પણ સાધનદ્વારા મુકિત મેળવવી વળી દેહ અલ્પ અને ક્ષણ ભંગુર છે માટે જેમ બને તેમ આપણા મનુષ્ય દેહના સાર્થક માટે ભકિતભાવથી રામનામનું સ્મરણ કરવું.

દોહરો.

ચાર પહોર ધંધો કર્યો, ચાર પહોર રહયો સોય.
રામનામ લીયો નહીતો, મુકિત કહાંશે હોય.

આવી રીતે આપણે મનુષ્ય દેહ પામી તમામ વખત નિદ્રા અને ધંધામાં ગુમાવી મનુષ્ય કર્તવ્ય નહિ જાણ્યું તો પશુ અને મનુષ્યમાં શો ફેર મનુષ્ય દેહ પામી.

દોહરો.

એક ઘડી આધી ઘડી આધી મે પુનિ:આધ
તુળશી સંગત સાધકી કટે કોટી અપરાધ.

માટે બનતો સતસમાગમ કરી રામનામ મહામંત્રનું સ્મરણ કરવું એજ આપનું ખરૂં કર્તવ્ય છે સત્યપુરૂષ સંગતી અને પતી પરાયણ સદ્ગુણી સ્ત્રીએ પુર્વ પુન્યથીજ પ્રાપ્ત થઇ સંસાર સમુદ્ર તરવામાં મદદગાર થાય છે. એક વખત કબીરજી પાસે એક ભકતે આવી પ્રસન્ન કર્યો મહારાજ સંસારમાં શી રીતે ભકિત રૂપીનાવમાં બેસી પાર ઉતરી શકાય છે મહાત્મા કબીરજીએ કહ્યું બચ્ચા પતી પરાયણ પત્ની સંસાર સાગર તરવામ ઘણીજ મદદગાર થઇ બેઉ પતી પત્ની સહેજે પાર પામે છે ભકતે પ્રશ્ન કર્યો મહારાજ તેમાં મને કાંઇ સમજણ પડી નહી માટે કહી અગર કરી બતાવશો? મહાત્મા કબીરજીએ કહ્યું ભલે કરી બતાવીશ કાલે આવજો બીજે દિવસે પેલો ભકત આવીને બેઠો તે વખતે ખરો મધ્યાન કાળ હતો. કબીરજી સાલ્લ બણુતા હતા તેઓએ પોતાના પત્નીને દીવો સળગાવી લાવવા

હુકમ કર્યો, તરતજ દીવો સળગાવી લાવી સાલ આગળ ધર્યો આમ પાંચ દશ મીનીટ થઇ હશે ને પેલો ભકત બોલ્યો મહારાજ ખરે બપોરે તમોએ દિવો સળગાવી લાવવાનો હુકમ કર્યો અને તે પણ સળગાવી લાવ્યા એ મને આશ્ચર્ય જેવું લાગે છે મહાત્મા કબીરજી બોલ્યા ભાઇ એજ મેં તારા કાલના પ્રશ્નનો પતિઉત્તર કરી બતાવ્યો ભકતે આનંદ પામી પ્રણામ કરી પ્રયાણ કર્યું હે સુજ્ઞ બંધુઓ મને પણ ઇશ્વરકૃપાથી એવી સાધવી સદગુણી સ્ત્રી મળી હતી તે પોતાનો સ્ત્રી ધર્મ પાળી ઇશ્વર ભકતીમાં તનમન અર્પણ કરી મદદનીશ થઇ પડી હતી હમારો દંપતીનો એજ નિશ્ચય હતો કે મનુષ્ય દેહ પામી આપણું ખરૂ કર્તવ્ય બજાવવું હમો જ્ઞાનગોષ્ટી કરી રામ મંત્રનું રટણ કરતાં આયુષ્ય નિરગમન કરતા હતા "મનુષ્ય ધારે છે શું અને ઈશ્વર કરે છે શુ" તેમાં ભવિષ્ય યોગે મારી ધર્મ પત્ની પોતાના અઢાર (૧૮) વર્ષના અલ્પ આયુષમાં સંવત ૧૯૭૦ના વઇશાખ વદ ૨ ને સોમ વારે સ્વર્ગવાસ થયા જેથી શ્રી રામે એમને જે ટુંક સમયમાં ઇશ્વર ભક્તિ થઇ હોય તે અને યથાશકતી પુન્ય દાન તથા સ્ત્રી સ્વધર્મ પરાયણના (ફુલ નહીને ફુલની પંખડી) યથાશકિત સમજી શુભ કૃત્યોના ફળવડે ઇશ્વર એમને કૃપા કરી મુકિત બક્ષો **આમીન.**

પુન્ય ફળ અર્પણ.

લગભગ મે મારી (૨૦) વીશ વર્ષની ઉમરમાં જે જે શુભ કર્મો કર્યા હોય તથા સાસ્ત્ર શ્રવણ કરી જે ઇશ્વર સ્મરણ કર્યું હોય તથા આ હસ્તેથી જે પુન્યદાન થયું હોય તે સર્વે પુન્યનું ફળ હું મારા ખરા અંતઃકરણથી શાસ્ત્ર વિધીથી મારી સ્વર્ગવાસી ધર્મ પત્ની બાઇ જડાવને અર્પણ કરૂં છું તે સ્વીકારશો. આ **સદ્‌બોધ** ચીતવન માળા લખતા, મારા મીત્ર મી૦ **હીમતલાલ માણેકલાલે** ઘણીજ મદદ આપી છે માટે એમનો ખરા અંતઃકરણથી ઉપકાર માનું છું.

આ શ્રી સદબોધ ચિતવન માળા મારી અલ્પ બુદ્ધિથી લખીને મારી ધર્મ પત્ની સ્વર્ગવાસી બાઇ **જડાવના** સ્મરણાર્થે ભાવિક ભકતોને વિના મુલ્યે વહેચવી એ હેતુથી છપાવી પ્રગટ કરી આ નાનકડી ચોપડી હું એમના અમર આત્માને અર્પણ કરૂં છું, ભાવિક ભકતોએ યોગ સત્કાર કરી સદઉપયોગ કરી ભુલ હોય તે સુધારી વાંચી સેવકને આભારી કરશો.

લી૦ રામ ભકત,

ઉત્તમરામ ભગવાનદાસ

(મંછરપરા ખરાડીશેરી સ્ટેશનરોડ—સુરત)

ૐ

॥ શ્રી રામ. ॥

પ્રકરણ ૨ જું

મુમુક્ષુજન માટે નિત્ય નિયમ રામનામ મહાત્મ

શ્રી રામ સ્નેહી ૧૦૮ મહાત્મા રામચરણજી કૃત.

સ્તુતિ

રમતીત રામ ગુરૂ દેવજી, પુઃનિતિહું કાલકે સંત
જીનકો રામ ચરણકી, વંદન વાર અનંત.

દોહરા

રામ નામ તારક મંત્ર, સમરે શંકર સેષ,
રામ ચરણ સાચા ગુરૂ, દેવે યો ઉપદેશ.
સદ્દગુરૂ બક્ષે રામ નામ, શિષ્ય ધરે વિશ્વાસ.
રામચરણ નિશિદિન રટે, નિશ્ચય હોય પ્રકાસ.

દોહરા

મહિમા નામ પ્રતાપકી, સુણો શ્રવણ ચિત્ત લાય,
રામ ચરણ રસના રટો, કર્મ સકળ જલ જાય.
જીન સુમરે નામકો, સો સબ ઉતરે પાર,
રામચરણ જે વિસરે, સોહી યમકે દ્વાર.

ચોપાઇ

રામ નામકો જીનજીન ધ્યાયો, ભવકો છેદી પરમપદ પાયો,
શિવજી નિશિદિન રામ ઉચારે, રામ વિના દૂજો નહિ ધારે. ૧
પા ‍ંતિકો ામ સુનાયો, રામ વિના સબ જૂઠ બતાયો,
સોહી રામ સુ યો શુકદેવા, ગર્ભવાસમે લાગ્યો સેવા, ૨
રામ સુમિરિ સબ મોહ નિવાર્યો, માતપિતા તજી વન સિધાર્યો,
રામ પ્રતાપ રંભા ગઈ હારી, સુમરિત રામ કામના મારી. ૩
બ્રહ્મા પુત્રો ચારે સનકાદી, રામ નામકે ભયે સવાદી,
રામ પ્રતાપ ગર્ભ નહિ આવે, સુમિરિત રામ પરમ સુખ પાવે. ૪
રામ નામ નારદમુનિ ગાવે, હૃદય પ્રેમ આનંદ બઢાવે,
શેષ રસાતલ રામ પુકારે, રસના લવ કબહુ ન તારે, ૫
ઉભય સહસ્ર રસના હે જાકે, રામ રામ રટતા નહિ થાકે,
નરનારી સુમરે નહિ રામા, એકજ જીભ ભઇ બે કામા. ૬
રામનામ ધ્રુવ ધ્યાન લગાયો, વસિ વૈકુંઠ બહોરી ન આયો,

રામ શબ્દા રુદ્રા સ્રગ કર્માં, ચન્દ સુર્ય પરિદેવે કર્માં. ૭
રામ રામ પહેલાદ પુકાર્યો, તાકો પિતા બહુતે પચિહાર્યો,
સહો સંકટ પણ રામ ન છાંડયો, રામ ભરોસે મરણહી માંડયો. ૮
અગ્નિધાર પર્વતસુ રાખ્યો, સિંહ સર્પ ગજ પરહરિ નાંખ્યો,
અંધકુપમેં રામ બચાવ્યો, જીનકો જશ હરિ જગ દિખલાયો ૯
કોપ્યો અસુર ખડગ લીધો કરમે, જીનકે હિત પ્રગટયો હરિ ખભમે,
માર્યો અસુર ભક્તિ વિસ્તારી, જન પહેલાદકી મિચનિવારી ૧૦
રામ કહે તીનકું ભય નાહી, તીન લોકમે કિરતિ ગાઇ
રામ રટત યમજોર ન લાગે, રામ રટત શંસય સબ ભાગે ૧૧
અજામીલ મદ માંસ અહારી, ગુણિકા રતિ વિષયા અતી ભારી,
કુકર્મ કરત તૃપ્ત નહી ભયો, વિષય માહી આયુ ક્ષીણ હોઇ
ગયો. ૧૨
અંત સમય યમ દૂત ન ઘેરયો, રામ નારાયણ સુતહી તેડયો,
યમદૂતન સુ લીયો છોડાઈ, જાણ આપણો કરી સહાઇ. ૧૩
એસો પતિત ઓર નાહી કોઇ, રામ કહ્યા વાંકી ગતિ હોઈ,
અજાણ ભજ્યાકા એ સહુનાણા, જાણી ભજ્યાકા કયા વખાણા. ૧૪
ગુણિકા એક ગરક કરી મનમે, હરીકી સંક નહી કછું મનમે,
જાકું સંતા સેન બતાવ્યો, રામ રામ કહી કીર પઢાવ્યો. ૧૫
સૂવા પઢાવતં વિષયા ભૂલી, રામ પ્રતાપ સુખસગર ઝુલી,

રામ પ્રતાપ યુગ યુગમે ગાવે, મુરખ નર કોઈ ભેદ ન પાવે ૧૬

હુંનુમાન અંજીની કો પુતા, રામચંદ્ર કો કહીએ દુતા,
સોભી રસના ર મ ઉચ્ચારયો, રામ પ્રતાપ કાર્ય સબ સારયો. ૧૭

રામચંદ્ર જબ લંકા સિધાવ્યા, સિંધુ તરણકી કરે ઉપાયા,
વિશ્રવામીત્ર કહે સમજાઈ, રામ નામ લિખિ પથ્થર તરાઈ. ૧૮

એ દેખો નિષ્કેવળ કર્તા, ઓ તારા કા કારજ સરતા,
ભકત હેતુ અવતારહી ધરહી, રામ રટયા સબ કારજ સરહી. ૧૯

વલ્મિક બહુ જીવ સતાયા, જીવ શીવ કા ભેદ ન પાયા,
સંતા શબ્દ મરા કહી ભાસ્યો, ગ્રહી વિશ્વાસ હૃદય ધરી રાખ્યો. ૨૦

તીજે શબ્દ ઉલટિ ભયો રામા, વાલ્મિકકા સરયા કામા.
સત કોટી રામાયણ ગાઇ, એસો રામ પ્રતાપ હે ભાઇ. ૨૧

બહુરિ કહુ પાડવાકા જગકી, મહિમા કરી કૃષ્ણ હરિજનકી,
રામ પ્રતાપ પંચાઇ નિવાજ્યો, યોગ યજ્ઞ જપ તપ સબ લાજ્યો. ૨૨

રામ પ્રતાપ નીચ ભયો ઊંચે, રામ વિના ઉંચો કુલ નિચો,
રામ જનાકી ભ્રાન્તિ ન કીજે, ભ્રાન્તિ કિયા નર નર્ક પડીજે. ૨૩

ગ્રહિ ગજ ગ્રાહ સરોવર ઘેરયો, રામ રામ ઉંચે સ્વર ટેરયો,
રટતા રામ છૂટા સબ ફંદા, મુકત ભયો તત્કાળ ગયંદા. ૨૪

ફંદમે પડયા પશુભી ધ્યાવે, નર ગ્રહ બંધ્યા નહી સુદ્ધી પાવે,
જાકુ કેસે રામ ઉગારે, જનમ જનમ ભવસાગર ડારે. ૨૫
રાજા જનક યજ્ઞ અતિ કિન્હો, નવ યોગેશ્વર દર્શન દિન્હો,
રાજા મનકો શંસય બુઝે, તુમકુ ભકિત ભેદ સબ સૂઝે. ૨૬
દેહું પ્રભુ હમકું બતરાઇ, તુમ વિન મનકો ભરમ ન જાય,
ઓર સકળ સાધન ભ્રમ નાસ્યો, સત્ય શબ્દ એક રામહી
ભાસ્યો. ૨૭

નૃપ પરિક્ષિત ભયો પરાયણ, શુકદેવશું શબ્દ પિછાયણ,
રામ રામ દિન સાત પઢાવ્યો, તજી નર લોક પરમ પદ પાયો. ૨૮
કહેતા કહું કહત નહિ આવે, હરિ હરિજનકો પાર ન પાવે,
ચાર યુગકી કોણ ચલાવે, અસંખ્યા યુગ બીચ રામહી ગાવે ૨૯
રાકા વાકા નામ દેવદાસા, જીનકો એક રામ વિશ્વાસા,
રામ વિના દૂજો નહી જાણે, જગમે રહે ઉલટિ ટાણે. ૩૦
તુલસી પત્ર લખ્યો રાકારા, તાસમ ઓર નહિ કોઇ ભારા,
રુખહી દ્રવ્ય ધર્મ ભયો હલકો, રામ વિના ભોડલકો ભલકો. ૩૧
ભકિત ભાનું પ્રગટે રામાનુંજ, તાકે રહે સબ વૃત અમાનુંજ,
દ્વાદશ શિષ્ય ભયે બડે ભાગી, જીનકી પ્રોતી રામસે લાગી. ૩૨
દાસ કબીરા ભયે ઉજાગર, રામ પ્રતાપ ભકિતકે આગર.
રામ રામ રટી રામ સમાયા, બહુ જીવનકો ભેદ બતાયા. ૩૩

રામ પ્રતાપ સુણ્યો સબ એસો, ભજતા ભયો કહું સો તેસો,
રામ રટત ગુપ્તા રસ ચાખે, સંત શબ્દમેં પ્રગટ ભાસે. ૪૩
પ્રથમ રામ રસના શો ગાવે મનકો પકડી એક ઘર લાવે,
રાખે સુરતિ શબ્દહિ માંહી, શબ્દ છાંડી કહુ અનંત ન જાહી. ૪૪
તબ રસના સિર છૂટે ધારા, ચલે અખંડ નહિ ખડે લગારા,
જળ પિવનકી શ્રદ્ધા નાહી, મથિયો અમૃત દૂરિ હોઇ જાંહી ૪૫
રસ પીવતે ક્ષુધ સબ ભાગી, કંઠા શબ્દ ટગ ટગી લાગી,
નાડિ નાડિસેં ચલેગિલગિલિ, સુખ ધારા અતિ વહે સિલસિલિ.૪૬
મુખસો કછું ન ઉચરે બેના, લગા કપાટ ખુલે નહી નૈના,
શ્રવણા ચર્ચા સુણે ન કોઇ, કંઠકે ધ્યાન એ લક્ષણુ હોય. ૪૭
કંઠકે ધ્યાન કુમિ કુમિ જાગે, રોમ રોમ સીતંગ સો લાગે,
હિદય ગદ ગદે શ્વાસ નહિ આવે, નૈના નિર પ્રવાહ ચલાવે. ૪૮
એક દિવસ એક ભયો તમાસા, કઠણુ હ્રદય બીચ ઉઠયો ઉલાસા,
જ્યું પાલાકી ડોરણી છૂટી, હિરદે સિર સુષુમરસ ઉઠી. ૪૯
શબ્દ બ્રહ્મ હિરદે કિયો વાસા, જ્યું રેન અંધેરી ચંદ્ર પ્રકાસા,
ભ્રમ કર્મ સંશય ગયો ભાગી, હિરદે ધુનિ અખંડ લવ લાગી. ૫૦
કહા કહું યા સુખકી મહિમા, ઓર સુખ સબ દીશે પલમાં,

હિરદે ધ્યાન ધ્વની જબ હોય, દુજો સાધન રહે ન કોઈ. ૫૧
હિરદેસે લે ધરણી ગઈ, નાભિ કમળસે ચેતન ભઇ,
શબ્દ ગુંજાર નાડી સબ જાગે, રોમ રોમ મે હોઇ રહી રાગે. ૫૨
નવસે નારી મંગળ ગાવે, તહમન ભમરા અતી સુખ પાવે
શીતળ ભયો સબેહી કાયા શબ્દ બ્રહ્મ રસ અમૃત પાયા ૫૩
અબતો શબ્દ મગનકો ચઢીયા પશ્ચીમ ઘાટ હોય અનુસરીયા
ઘાટી બીશ મેરૂકી છેકી, ઈકિ ઇસે ગઢ ગયા વિશેષી. ૫૪
પહેલી બેઠા ત્રિકુટી છાજે, જાકે ઉપર અનહદ બાજે
ત્રિવેણી તટ બ્રહ્મ ન્હવાયા, નિર્મળ હોય આગેકો ધાયા ૫૫

દોહરા.

ઇંગલા પિંગલા સુષુમણા, મિલે ત્રિવેણી ઘાટ
જાહ આએ જળ ઝીલીકે નિર્મળ હોય નિરાંત.
અબ ત્રિવેણી ન્હાય, કે કિયા ગગન પ્રવેસ.
ત્રીન લોકશે અભય સુખ, યે કોઇ ચોથા દેશ.

ચોપાઇ.

અબ ચોથા ઘર પહુંચા જાઈ, જહકા ચિન્હ મે કહું સુનાઇ,
ઘરઘર ઘરઘર અનહદ ઘરરાવે, પરમ જ્યોતિ દામિન ભલકાવે. ૧
સુષુમણ નિરલંબ ઝડિ લાઇ ભિજત સુરતિ ગરક હોઇ જાઇ,
અધ ઉરધ જહ કમળ પ્રકાશા, સુરતિ ભવર હોઇ કરત
વિલાસા ૨

ધુરે અખંડ અનાહદ બાજા, પુરૂષ પુરાણ તખ્ત જહાં રાજા,
ઝિલિમિલિ ઝિલિમિલિ નુર પ્રકાસે, અનંત કોટી રવી પ્રગ
ટયા ભાસે ૩

યાતો બાત અતોલ હે ભાઈ, મુખશે કહયા તો લહે જાઇ
પવન કહા કેસે ગહ હાથા કેસે ભરે ગગનકો બાથા ૪

રૂપ વર્ણ કેસો તડકાકો, એસો કહા વખાણો જાકો,
હાક વાક રહે કહત નહી આવે, પહોંચા હોઈ સોહી ભલપાવે ૫

દોહરા.

અનહદ ગરજે નભ ઝરે, દામિનિ જ્યોતી ઉજાસ,
રામચરણ સુણી સાગરા, હંસા કરત નિવાસ.

ચોપાઇ.

સાગર તટ હંસ બેઠા જાઇ, સાગર હંસમેં રહા સમાઇ,
ઓત પ્રોત ભયો દ્વે તન દરસે, સંત ગરક બ્રહ્મ સુખકું પરસે. ૧

બ્રહ્મ પરસ્યાકી દસા બતાઉં, બાહિરકે લક્ષણ પિછનાઉં,
જાકે રંક એકહી રાઉ, માયા સેતી કરે ન ભાઉ. ૨

જાકે અન્દર બ્રહ્મરસ બુઠા, સકળ વ્હેવાર હોયગા જૂઠા,
કનક કામની કરે નહી નેહા, છકે બ્રહ્મ રસ રહે વિદેહા. ૩

જેસે બૂંદ મિલિ સાગરમે, કેસે પકડી શકે કોઇ કરમે,
જીવ બ્રહ્મ મિલિ રહા સમાના, બ્રહ્મ મિલ્યા કર્મ કરે ન આના. ૪

દોહરા.

એક ચિન્હ દરસ્યા વિના, મતિ કોઈ છોડો ધ્યાન
રામ ચરણ એક રામ બિન, સબહી ફોકટ જ્ઞાન. ૧

રામ ચરણ ભજી રામકો, બ્રહ્મ દેશકો જાય,
યહ યમ જોરકા ભય નહી, સુખમે રહે સમાય. ૨

રામ ચરણ કહે રામકો, બડો વિશ્વાસ જગ માંહી,
અનંત કોટી જન ઉધરયા, ભજે સભરમે નાહી. ૩

શ્રી નિત્ય નિયમ રામ નામ મહાત્મ સમાપ્ત.

રામ રામ રામ રામ રામ



પ્રકરણ ૩જું

મન નિરગ્રહ.

સ્તુતી.

રમતિત રામ ગુરૂ દેવજી, પુઃનિતિહું કાલકે સંત
જીનકો રામ ચરણ કી, વંદન વાર અનંત

દોહરા.

અલખ નિરંજન વિનવું, લાગું સદ્‌ગુરૂ પાય,
મન નિરગ્રહકી જુકિત જો, સો મોંહિં દેવું બતાય.
મન તન પર અસ્વાર હે, ગુણ ઇંદ્રી સબ સાથ,
ફિરે સ્વાદ કે વશ ભયો, અબ કયો આવે હાથ.

ચોપાઇ.

સપ્ત ધાતું કાયા અસ્થાન, ચેતન રાજા મન પર ધાન,
મનકે તીન પરમ બળ જોધ, તામે દોઉ ન માને બોધ. ૧
પાંચ પિયાદા મનકી લાર, પુનિ પાંચા પંચ પંચ આગાર,
અપના અપના ચાહે ભોગ, જયો જયો નગરી બાંધે રોગ. ૨
તબ નરપતિ એક મતિ વિચારયો, મન નિરગ્રહ નિજ મન
વિસ્તારયો,

મનકી ચોરી નિજ મન લાવે, નરપતિ આગળ સબે ગુજારે. ૩

નરપતિ નિજ સદા હજુરી, પ્રકૃતિ મનમુખી બાંધ ધુરી,
મેં તો હુકમ રાયકો કરિ હો, તેરી ચોરી કાગળ ધરી હો. ૪

તેરે ભોગ રાય દુખ પાવે, વાર વાર ગર્ભ માંહી આવે,
ચાકર ચોર ધણી નહી સુખ, જનમ મરણ ભોગવતે દુઃખ. ૫

નિજ મન લાગ્યો મનકી લાર, સંગ નહી છાંડે એક લગાર,
મેરે ધણી બિરદકો મોહી, ચોરી કરતા પકડું તોહી. ૬

તેરા પાંચ પિયાદા મારૂ, રજ તમ દોઇ ટૂક કર ડારૂ,
સાત્વિક કે મે લેવું ફેરી, કાઢો નગર પચીસો હેરી. ૭

જબે પ્રકૃતિ મન બાગ ઉઠાવે, જ્ઞાન ખડગ લઇ નિજ મન ધ્યાવે,
મનવો જાય આકાસા ભવે, નિજ મન લેકર નીચો દબે. ૮

મનુવા નિચી દશા વિચારે, નિજ મન પકડી ગગનકો ધારે,
મનુવા કરે ઉઠનેકા દાવ, નિજ મન કાંટો રોપે પાંવ. ૯

મનુવા સુખ ભોગોમે કરે, નિજ મન ઉલટિ આપુઠો ધરે,
વિષય વાસના મનકા ભોગ, નિજ મન ઇનકો જાણે રોગ. ૧૦

દોહરા.

શૂન્ય પ્રકૃતિ મનનિજ કહે, મેરે શિર નરપતીકો હાથ.
તોહી ચરણ તલ ચુરિ હું, પકડું તેરો સાથ.

ચોપાઈ.

તબમન ખાટા મીઠા ચાહે, નિજ મન ફીકો ભોજન ખાવે,
મનુવો ઉંચા નેત્ર નિહાળે, તબનિજ ચક્ષુકા પડદા ડાળે. ૧
મનુવા નાકસે ચાહે ગંધ, નિજમન સબ દેખે દુર્ગંધ
રાગ રંગ શ્રવણા કરી ભાવે, તબનિજ હરીકા ગુણ સંભળાવે. ૨
સ્પર્શ ઇંદ્રિ ચાહે ભોગ, નિજમન ગૃહે સીલકા યોગ,
કરસો મન સબ કામ સવારે, નિજમન આરંભ સકળ નિવારે. ૩
ચંચળ હોય ચરણ સો ચાલે, નિજમન પંગો હોય કભુ ન હાલે,
છાજન ત્વચા સુહાયા ભાગે, નિજમન સબહી વિસ્તર ત્યાગે. ૪
તબમન પલંગપર આસન પાથરે, નિજમન આસન ભોંયપે ધરે
મનુવો વસ્તીસે મન લાવે, નિજમન લઇ વન ખંડમેં જાવે. ૫
મનુવો શત્રુ મીત્ર દોઇ ભાખે, નિજમન બેઉ સમ કરી રાખે,
મનુંવો કરે મીત્રસે મોહ, જબ નિજમન જાણે દ્રોહ, ૬
મનુંવો વેર શત્રુસે કરે; તાસો નિજમન હિત વિસ્તરે,
મનુવો માયાકું ઉપજાવે, નિજમન દ્રઢ વૈરાગ ઉપજાવે. ૭
મનુવા સત્સંગતિ સો ભાગે, નિજમન ઉલટી ચોગણી લાગે,
મનુવા રામ ભજનસે હારે, શીરમે નિજમન મુંન્દર મારે. ૮
તનકો અડો આસન ભાવે, નિજમન ઉલટી ખડા ઠરાવે,
જાહ જાહ મનુવાં બોલ્યા હેરે, તાંહતાંહ નિજમન જાય ઘેરે. ૯

કબુ નહી મનકો લાગે દાવ, નિજ મનકો છાતીપર પાવ,
નિજમન હે નરપતિકો દાસ, પ્રકૃતિ મનકો નહી વિશ્વાસ. ૧૦
જો પ્રકૃતિ ચલે મનકે સ્વભાવ, તો સબ યોનીમેં ગોથાં ખાવ,
જીવ બ્રહ્મ મિલિ એકા કરે, ચંચળ મન નિશ્ચળમે ધરે. ૧૧
એસો મનકો નિરગ્રહો ભાઇ, એહી શીખ સદ્દગુરૂ સો બતાઇ.
મન નિરગ્રહકા એજ ઉપાય, ઓર ન કોઇ દુજા દાવ. ૧૨
મનકે મતે કબુ ન ચાલે, મનકો ઉલટ અપુતો પાલે,
તજી જીવાંકો મનભર માવે, મનકો સંઇગ સુખ દુખકો પાવે. ૧૩
સદ્દગુરૂ શબ્દ પકડે મનકો, રામચરણ પરમ સુખ જીનકો,
મનકા માર્યા જો નર મરે, લક્ષ ચોર્યાસી ઘટવે ધરે. ૧૪
મનકો મર મરેગા કોઇ, તો પરમ ધામમે વાસા હોઇ,

દોહરા.

મન નિરગ્રહેરામ ભજે, તજે જગત ગ્રહ કૂપ,
રામ ચરણ તબ પરસિયે, આત્મ શુદ્ધ સ્વરૂપ.

સોરઠ.

આત્મકુ વ્યાધિ નહી, વ્યાધિ રોગ મન માનીયે.
જીને યેહ તજી ઉપાધિ, શુદ્ધ સ્વરૂપ તે જાણીયે.

મન નિરગ્રહ સમાપ્ત.

રામ રામ રામ

પ્રકરણ (૪) ચોથું.

મહા મંત્ર રામ નામ

રાગ સવૈયા.

ગિરજા બૂઝે ઈશ ઇશ તુમરો પિછાણુવો,
જન્મ મરણ મિટિ જાય એસો કોઇ તત્વ બતાવો,
શંકર ભયે સૂનાથ નાથ આપણો ધન દીન્હો,
ગવરાં પ્રેમ બધાઇ હિરદામે લીન્હો,
નિજ મંત્ર નિશ્ચે કર્યો આદિ અંત સત કોટિકો,
રામ ચરણ જાકું ભજ્યા જન્મ મરણકો છુટકો.

વાકય.

એક સમય પાર્વતિએ મહાદેવ પ્રત્યે પ્રશ્ન કર્યો હે શંભુ આપણા ગળા વિષે આ માળા શાની છે?

તે સાંભળી મહાદેવે ઉત્તર આપ્યો કે આ માળામાં તાહરા ૧૦૮ મુસ્તકો છે. પાર્વતિ બોલ્યા શું હું એકસોને આઠ વખત નાશ પામી છું? પરંતુ આપ જીવનમુકત છો તેનું કારણ શું છે? શીવજીએ ઉત્તર આપ્યો કે એ નામ

સ્મરણનોજ પ્રતાપ છે. પાર્વતિ બોલ્યા હું સહસ્ત્ર નામનો પાઠ નિરંતર કરૂં છું તોપણ હું મરણને પ્રાપ્ત થઇ તેનું કારણ શું છે? શ્રી શંકરે ઉત્તર આપ્યો કે હે ઉમા હું જે તારક મંત્રનું સ્મરણ કરૂં છું તે મંત્ર આપ એક વૃત્તિથી સાંભળો.

श्लोक.

राम रामेति रामेति रमे रामे मनो रमे,

सहस्त्र नाम ततुल्यं राम नाम वरानने.

હે પાર્વતિ સર્વમાં રમણ કરનાર સર્વ વ્યાપક જે રમતિત રામ તે નામ એકજ વખત ઊચ્ચાર કરવાથી બીજા સહસ્ત્રો નામ લેવાનું ફળ પ્રાપ્ત થાય છે. સર્વે મહામંત્રો માં કેવળ રામ નામ સર્વથી શ્રેષ્ટ મંત્ર છે.

श्लोक

सहस्त्र कोटयो महा मंत्रा ऊप मंत्रा स्त्रयोदश,

एक एव महा मंत्रो राम नाम परात्परंम.

સહસ્ત્ર કરોડ મહા મંત્ર છે. તેમાં મુખ્ય ત્રણસેં ને દશ ગણાય છે તેમાં વળી મહાન શ્રેષ્ટ મહામંત્ર રામનામજછે.

રાગ કુંડળીયા.

શિવજી ગિરજા સું કહો પદમ પુરાણ સમજાય,

તામધે એક શીરોમણી દીયા નામ પિછણાય.
દીયા નામ પિછણાય શેષકો પ્રાણુ આધારા,
નારદ સારદ રટે રટે સનકાદિક ચારા.
અનંત કોટિ જન સ્થીર ભયે રામ નામ કુ ધાય,
શિવજી ગિરજા શું કહો પદમ પુરાણુ સમજાય.

શ્લોક.

पढति सकल शास्त्रं वेद पारंग तोऽपि,
यम नियम परो धर्म शास्त्रार्थ वे-ता.
अपिच सकल तीर्थ गजते वा हुताग्नि,
यदि न भजति रामं सर्व मेत बृथा स्यात्.

વાક્ય.

સર્વ શાસ્ત્ર જાણુનાર વેદનો સંપુર્ણ અભ્યાસ યુકત યમ નિયમ પાળનાર શાસ્ત્ર વકતા સકળ તીર્થ કંનાર એ સર્વે સાધન યુકત હોય પણ રામ નામનું રટણુ કર્યા વિના મુકત થતો નથી.

દોહરો.

ધર તરવેણી ધ્યાન સ્નાન ગંગા જાય કાશી,
ગયા ગોમતિ માંહે રહે ગોકુળ ખટમાશી.

નવ ખંડ સાતો પુરી પરસી ચઢે કેદાર,
નામ સમાન નહિ કલજુગમેં નીંધંમ કહેત નીરધાર—નામ
કી તુલ્ય ન આવે ટેક

કરે જગ અશ્વમેવ વિપ્ર લક્ષ કોટી જવાવે,
પૃથ્વી પ્રદક્ષણુ દેહ સુમર પીછે ફરી આવે.
વેદ જુગટી શાહી કરે ચુકે નહિ લગાર—નામ સમાન ૨

હેમ તોલા ગૌદાન ભાન ઊગતા કીજે,
નારી કુજલ સેજ દાન ગૃહ કન્યા દીજે.
માણેક મોતી પુન્ય કરે ગૃહણુ હોતી વાર—નામ સમાન ૩

સદાવૃત અન્ય દેહ કર ખટ દર્શન શેવા,
પુંજે શાલીંગરામ ઓર સબ જુદા દેવા.
છપ્પન ભોગ નિત્ય પ્રત્યે કરે પાલે વિધી આચાર—નામ સમાન ૪

કાશી કરવત લેહ ઇશકુ શીશ ચઢાવે,
મકર ભોજ તપ કરે અગ્નિમે દેહ જલાવે.
ગંગા સાગર ઝાંપલે મરે ખડકકી ધાર—નામ સમાન ૫

વનવાસી વન જાય સહે તન કષ્ટ અપારા,
કંદ મુળ ખણી ખાય કરે ફળ ફુલ અહારા.
સીત ધામ શીર પર સહે કરકે નહી લગાર—નામ સમાન ૬

મુનવર્ત લે રહે દીધંબર દુધાધારી,
ઉભે હાથ નખ શીખ ત્વચા પણ શે દેહી ગારી.

જટા જુટ નખ શીખ ધર્યા કાયા કસે અપાર—નામ સમાન ૭

શીંગી જટા ભભુત જોગકું દર્શન દીજે,
ગિરીવર ગુફા નિવાસ ખંડ ખંડમે કીજે.
ચોર્યાશી આસન કરે રૂંધે દશેદ્વાર—નામ સમાન ૮

વર્ણાશ્રમ ખટ દર્શન ઓર સબ કિયા લેખા,
ભકિતબોધ ભગવંત્ જે ન જંગમ ઓર શેખા.
કવિ પંડિત જ્ઞાની ગુણી નાના પંથ અપાર—નામ સમાન ૯

નાના વિધિ કીધ ધરમ કરમ કરી જગત ભુલાણું,
ભજે વિનાં કછુ નાહી પુલ સામેરકો જાણુ.
જ્યું શુંવટો ખાલી રહયો અંત કાળકી વાર—નામ સમાન ૧૦

જ્યું કુંજરકો ખોજ ઓર સબ ખોજ સમાવે,
રામનામ જીને લીયો ધર્મ સબ યામે આવે.
નામ લીયા તેણે સબ કિયા કહે ભાગવત પોકાર—નામ સમાન ૧૧

રામનામ નિજ અંક ઓર સબ સુની કહાવે,
શુણી શુંણી દશ ગુણુ હોય નામ જબ હિરદે આવે.
નામ વિના નિષ્ફળ સબે કરતબ કરો હજાર—નામ સમાન ૧૨

ધન ખરચે ધનવંત ધરે ચિત્ત નીંન બડાઇ,
જગ શોભા કુકરે નાહી પરમારથ ભાઇ.
ઉશલ ખેતી વાએ કે લણે ન બહો વણુહાર—નામ સમાન ૧૩

ધન ખરચે હરિ હેત કરે સંતનકી સેવા,

મનમાં રાખે હરી ચરણ ભજે નહિ દુજા દેવા.
ચોથા યુગમાં ભકિતકી મહિમા અનંત અપાર—નામ સમાન ૧૪

ફળે ન વેદકે વચન કરમ શુદ્ધ હોએ ન આવે,
દિન દિન ચડે અનિતિ નિતિ મુરજાદ લોપાવે.
કલિયુગ આવત દેખકર રૂષીને કીયો આધાર—નામ સમાન ૧૫

બીતી વેદ મુરજાદ કઠણ કળિયુગકે આવ્યા
ધર્મ ભ્રષ્ટ સબ ભયો દંભ પાંખડ ચલાયા.
ઓર સ્વાર્થ ઊઠી લગે નહિ સંતોષ કશાર—નામ સમાન ૧૬

સત્ય યુગમેં સત્ય કહો તપ ત્રેતા મેં ભાખ્યો,
દ્વાપર પુજા આચાર નામ કળિયુગમેં રાખ્યો.
આન ધર્મ છૈકા છએ હરિ જશ કિર્તી સાર—નામ સમાન ૧૭

કળિયુગ આવત દેખી દેવ રૂષી પહેલા ભાગા,
રહયા એકાંતર જાય ધ્યાન હરિ સુમરણુ લાગા.
સબ અવગુગ્ર કળિમાંહ એક બડો ગુણ સાર
કુળ કરણી કછુ ભેદ ન જાણે નામ લીયા ભવપાર-નામ સમાન ૧૮

કળિયુગ આયો ઘોર ચલે નહી વેદ વહેવારા
રામનામકુ લીયો સોહી જન ઉતરે પાર
રામનામ નૌકા ભઇ ભવજળ તારણુ હાર—નામ સમાન ૧૯

તાતે તટ નામ શું લાગો ભાઇ પ્રેમ ભકિત રૂચી રૂચી કરો,
આનધમં બદહોબહાઇ મનસા વાચા કરમના સુમરો આત્મરામ.
આપતીરો ઓરનકુતાહુરો દાશ શહેશરકામ—નામ સમાન ૨૦

શ્રી મહામંત્ર રામનામ સમાપ્ત.

રામ રામ રામ રામ

પ્રકરણ ૫ મું.

રામસ્નેહી કર્તવ્ય.

રાગ કવિત

ઇષ્ટ રામ રમતિત આનકો પીઠ દઇ હે
પંગ નંગે ગુરૂદર્શ દયાકી મુઠ ગ્રહી હે
વિષયત્યાગ વિષવચનહાસ ખલવત નહી જાણે
હાનિ વૃદ્ધિ કી વાર ભરોસો હરીકો આણે
જુઆ ચોરી પર લુબ્ધ જૂઠ કપટ નહિ રાખે
ભાંગ તમાકુ અમલ અખ જમદ પાન નચાખે
પાની વતે છાનકે નિરખી પાંવ ધરતી ધરે
વે રામ સ્નેહી જાણીએ સો કાર્ય આપણો કરે

રાગ કવિત.

ઇષ્ટ રામ રમતિત આનકો પીઠ દઇહે
પગ નંગે ગુરૂ દર્શ દયાકી મુઠ ગ્રહીહે—અપૂર્ણ

વાક્ય.

રામ નામને ઇષ્ટ માની રામ નામનું રટણ કરવું રામ નામજ શાસ્ત્ર તથા વેદમાં સુપ્રસિદ્ધ છે મહા મંત્ર રામ

નામ છે માટે વિશ્વાસથી નામનુ રટણુ કરવું.

કલ્પ વ્રક્ષ મેલી બાવળની પ્રસન્તા સાચો હીરો મેલી પથ્થરની ગ્રહણુતા ખેદકાદક છે તેમ રામ નામ મહા મંત્ર મેલી બીજા સાધન ખેદ યુકત છે.

બીજ રૂપી મહા મંત્ર રામ નામ નહિ ભજતાં જેમ વ્રક્ષના ડાળ પાંખડાં તથા પુલને પાણી પાતા ઝાડ વિનાશ પામે છે તે પ્રમાણે બીજ રૂપી રામ નામ નહિ ભજતા વિનાશ પામે છે.

રામ નામનું સ્મરણુ કર્મ કાપવામાં કુહાડો રૂપ છે. સાબુ મેલને! અગ્નિ કાષ્ટને! બાળી ભસ્મ કરે છે તેમ રામ નામ ભજવાથી સર્વ કર્મ બળી ભસ્મ થાય છે. નામથી નામી પ્રાપ્ત થાય છે.

જેવો જેનો ભાવ હોય તેવીજ દેવની તેના પર પ્રીતિ થાય છે. ભક્તિ માર્ગે ઇશ્વર સન્નમુખ એક કદમ ચાલ નારની સામા પરમાત્મા: સો કદમ નજીક આવે છે. શાસ્ત્રમાં ભકત વત્સલ નામ પ્રસિદ્ધ છે.

શ્રીરામ જેટલું આપણી પાસે નજીક બીજું કાંઇ નથી. ચકમક તથા દીવાસળીને પથ્થર સાથે ઘસવાથી ગુપ્ત અગ્નિ પ્રગટ થાયછે તેમ રામ નામનું સ્મરણુ કરવાથી રામ સઘળે ભાસે છે.

મનુષ્ય અંતઃકાળે આખર ઘડીએ આત્માના કલ્યાણની અપેક્ષાથી રામનામ ભજે છે. તે આત આગ લાગે ત્યારે કુવો ખોદાવવા જેવું થાયછે. સગા સંબંધી પણ છેવટ એજ કલ્યાણ કરતા સુચવી રામ નામનો પોકાર કરે છે તો મનુષ્યે વિચાર કરી એજ રામનામ કલ્યાણ કરતો સમજી એક નિમિષ માત્ર પણ રામનામ વિસરવું નહિ.

સંપત્તિ તો જલના તરંગ જેવી છે. યોવન ચાર દિવસના ચાંદરણા જેવું છે. આયુષ્ય શરદ રૂતુના વાદળા જેવું ચંચળ છે. લક્ષ્મી અવિશ્વાસનિય છે. પણ રામનામ રૂપી ધન અચળ અને અખુટ છે.

સુર્યાસ્ત સમયે મનુષ્યે આયુષ્યનું સરવાયું કાઢી જોવું જોઇએ, કે આજે મેં સુકૃત શું કર્યું છે. કારણ કે સુર્યઅસ્ત કાળે આયુષ્યનો અમુક ભાગ ઓછો થાય છે. તે પાછો પુનઃ મળતો નથી. " હજારો રૂપીઆ ખરચતાં ગયો વખત પાછો આવતો નથી."

આયુષ્ય એક રત્નની પેટી છે. તેમાં રત્નરૂપી અમુલ્ય શ્વાસ ભરેલા છે. માટે દરેક શ્વાસો શ્વાસે રામનામનું ઉચ્ચારણ કરવું.

જે પ્રમાણે સૂર્ય ઉદય થતા રાત્રીનો અંધકાર મટી જાય છે. તે પ્રમાણે રામનામ રટણ કરવાથી પાપથી મુકત થવાય છે.

રામનામ જાણુતા ભજો કે અજાણુતા ભજો પણુ એક સરખોજ લાભ થાય છે. જે પ્રમાણે અમૃતને જાણુ અજાણુથી પીતાં શુભજ અસર થાય છે. જે લોકોએ જન્મ ધરી પરમાત્મા નું ભજન કરી આયુષ્ય નિર્ગમન કર્યું તેનુંજ જીવવું યથાર્થ છે.

પશુ પક્ષી આદી સર્વ યોનીથી મનુષ્ય યોની શ્રેષ્ઠ છે. કારણુ મનુષ્યમાં જ્ઞાન શકિત છે. તો મનુષ્ય દેહ વડે રામ મંત્ર ભજી જન્મ મરણુથી મુકત થવું.!

પશુના ચામડા ઘણા ઊપયોગી થઇ ઢાલ તથા પગરખા બને છે. પણુ મનુષ્ય દેહ કશા ઉપયોગમાં આવતી નથી. મનુષ્ય દેહ વડે ભગવત્ ભજનથી ભગવત્ રૂપ થવાય છે.

રામનામ મહાત્મ વરણી શકાય તેમ નથી શનકાદીકો શેષજી અને નારદ સરીખા પણુ અહોનિશ રામનામ જપે છે. રામાયણુની વહેંચણી કરતા શેષ રામનામ મહાદેવે સ્વીકાર્યું તથા પાર્વતિ પ્રત્યે રામનામનો જે ઉપદેશ કર્યો હતો તે જગ જાહેર છે.

રામ નામ સમરણુ કરવાથી દાશી પુત્ર નારદ ભગવાન નું મંન થયા. ભીલ જે હજારો બ્રાહ્મણોને મારનાર રામ પ્રતાપે વાલ્મીક મુની થયા, માટે રામ નામનુંજ વિશ્વાસથી રામ સ્નેહીએ રટણુ કરવું.

મનુષ્ય દેહનું ભુષણ પરોપકાર છે. પરોપકાર એ દયાનું દ્વાર છે. દાનથી દયા શ્રેષ્ટ છે. અને દયા એ ધર્મનું મુળ છે. માટે પ્રાણી માત્ર પર દયા રાખવી એમ શાસ્ત્ર કહે છે.

આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવો દેહ વડે સર્વે અવ્યવોથી શુભ કર્મ કરી આત્માને મુકત કરવો પણ ઈંદ્રિઓને સ્વાધીન થઇ વિષયમાં પ્રવતિ શાસ્ત્ર નિશેધ કર્મ કરી આત્માને બંધનના જન્મ મરણના રેંટમાં નાંખવો એ પોતેજ પોતાના હાથે દુઃખ પ્રાપ્ત કરે છે.

રાગ કવિત.

વિષય ત્યાગ વિષ વચન હાસ ખલવત નહી જાણે,
હાનિ વૃદ્ધિકી વાર ભરોસે હરીકો આણે—અપૂર્ણ.

વાક્ય.

નિંદ્રા મૈથુન આહાર પ્રાણી માત્રને સમાન છે. પણ મનુષ્ય દેહમાં ઇશ્વરે જ્ઞાન આપી મોક્ષ મેળવવાની ગતિ આપી છે. ઇશ્વર ભકિત વિમુખ કરનાર ઝાંઝવાના નીર જેવા વિષથી ભરેલા વિષયોનો ત્યાગ કરવો.

દોહરો.

જ્યાં રામ ત્યાં કામ નહિ, કામ તહાં નહિ રામ,
તુળસી દોનો નહિ રહે, રવિ રજની એક ઠામ.

વિષય ઝાંઝવાના નીર જેવા છે. મનના કલ્પેલા છે.

ઇંદ્ર જાલ જેવા ખોટા, જોતા ક્ષણ વારમાં નાસ પામનાર છે. વિષયને આધીન પોતે પોતાની મેળેજ બને છે. વિષયમાં મોહવશ થઇ પોતે પોતાની મેળેજ વિષયને આધીન થાય છે.

કોઇને પણ શરીરના અવયવોથી કોઇ પ્રકારે દુઃખ નહિ આપવું. આત્મા વડે આત્માની દયા લાવી આત્માનો ઉદ્ધાર કરવો (મહામંત્ર રામનામ ભજી જીવન મુકત થવું)

રાગ કવિત.

જુઆ ચોરી પર લુબ્ધ, જુઠ કપટ નહિ રાખે,
ભાંગ તમાકુ અમલ, અખજ મદ પાન ન ચાખે.—અપૂર્ણ

વાક્ય.

બીજા યુગોમાં જે ફળ તપાસ્યા, યજ્ઞ, અને દાન કરવાથી થતા, તે ફળ કળીયુગમાં ફકત રામ નામનું સમરણ કરવાથી પ્રાપ્ત થાય છે. એ કળિયુગનો મહાન ગુણ જાણી પરીક્ષત રાજાએ કળિયુગને નહી મારતા ચાર પદાર્થમાં (સ્ત્રી, સુવર્ણ, મદીરા, અને જુગાર) વાસો આપ્યો.

માયારૂપ મોહ ઉપજાવનારી, નર્કમાં દોરનારી, તપ નાશ કરવા વાળી, સુકૃત કર્મનો નાશ કરાવનારી સ્ત્રી આ સંસારમાં બંધન કારક છે.

સ્ત્રી મદીરા જેવી મનને વિષય આધિન બનાવે છે.

કામદેવ નામના ભીલે મોહને વશ થનાર મુઢ મનવાળા પુરૂષો રૂપી પક્ષીઓને બાંધવા માટે સ્ત્રી રૂપ જાળ પાથરી છે.

માત્ર થયેલી સ્ત્રીના ચંચળ કટાક્ષથી પરવશ થયેલા મનને સ્થીર કરવાને મહા વિવેકી પણ સમર્થ થઇ શકતો નથી.

સુમુક્ષુ જને બેનકે પુત્રી કોઈની સાથે એક સૈયામાં એક આસન કરવું નહિ, એકાંતમાં પર સ્ત્રીનો સહવાસ કરવો નહિ વળી સ્ત્રીના નેત્ર સાથે પણ એકાકાર વર્તી કરવી નહિ કારણ કે ઇંદ્રિયો બહુ બળવાન છે. તે વિદ્વાનને પણ ભુલાવે છે.

હાડકા અને નસોની ગુંથણીથી રચેલી માંસની પુતલી રૂપ સ્ત્રીના શરીર રૂપી પાંજરામાં કોઈપણ વસ્તુ રમણીય જણાતી નથી.

સ્ત્રી નામનું પુતળું પંચ મહા ભુતોના એકઠા થવાથી થયુ છે. આત્મા સર્વનો એકજ છે. સુવર્ણ એકજ છતાં જુદા જુદા આકાર પડી જુદા જુદા નામે ઓળખાય છે. પણ સવે સુવર્ણજ છે. તેમ આત્મા સર્વે બ્રહ્મ હંસ છે. કામ વૃત્તિથી મોહ ધારણ કરી વિકારથી જોનારને સ્ત્રી બંધન કારક થઇ પડે છે.

ચોરી એટલે પારકું ધન હરણ કરનારને, જુગાર ખેલનારને, તથા પર સ્ત્રી સાથે રમણ કરનારને યમદુત કાળ પાસથી બાંધી " **તામિસ્ત્રા** " નામના નર્કમાં નાંખે છે.

સત્ય સમાન તપ નથી અને જૂઠ સમાન પાપ નથી. કપટ એ વિશ્વાસઘાતનું મહા પાપ છે. માટે સજ્જને એ સત્યજ બોલવું અને સત્યજ સજ્જનોનું ભૂષણ છે.

સ્કન્દ પુરાણમાં બ્રહ્માજીએ નારદને કહ્યું હે નારદ કળીયુગના સમયમાં એક દુર્વ્યસન તંમાકુ જેણે બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય અને બીજી વર્ણો સેવન કરશે તો તેના પાપથી મનુષ્યના સર્વે સાધન ભ્રષ્ટ થઇ નર્કમાં જશે.!

બ્રહ્માન્દ પુરાણમાં લખ્યું છે તંબાકુ સેવન કરવાથી સર્વે વર્ણો એકાકાર થઇ જશે, સાધનો ભ્રષ્ટ થશે, અને તેથી નર્ક પ્રાપ્તી થશે. !

માગ શાસ્ત્રમાં કહ્યું છે જે મનુષ્યો ભાંગનું સેવન કરનાર એક કલ્પ, અફીણનું સેવન કરનાર દશ કલ્પ, અને મદીરાનું સેવન કરનાર હજારો કલ્પો, વળી તંબાકુનું સેવન કરનાર લાખો કલ્પો પર્યંત નર્કવાસ કરે છે.

રાગ કવિત

પાનિ વતે છાનકે નિરખી, પાંવ ધરતી ધરે
વે રામ સ્નેહી જાણીએ સો કાર્ય આપણો કરે–સંપૂર્ણ

અનગળ જળથી દરેક કર્મ, આચાર, વિચાર, પુજન વીગેરે શુભ કર્મ કરવા એ પુણ્યને બદલે પાપ કરે છે.

વિના છાન્યા જળથી આચાર, પુજા, તીર્થ, વૃત, દાન, હોમ, શ્રાધ, જપ, તપ, સર્વે પુણ્ય કર્મનું ફળ મળતું નથી.

જળ છાની વાપરવનું મહાન્ પુણ્ય છે વિના છાન્યા જળ વાપરવાથી મહાન્ દોષ પ્રાપ્ત થાય છે જેથી તે જળ પીવાથી અસંખ્ય જીવ પેટમાં પડે છે માટે જલ છાની કરી વાપરવાથી વિશેષ પુન્ય હાંસલ થાય છે.

જળને જાડા કપડાથી ગાળી તે કપડામાના નાના જંતુને પાછા ચુકતીથી જળાશયમાં નાંખવા; અને જંતુ માત્રની દયા લાવી જળ છાનીને વાપરવું.

અન્ન તેવો હોડકાર છે માટે જળ છાની વાપરવું તથા શર્વે કર્મો સ્વચ્છતાથી કરવા.

દોહરો.

કબીર ઝીને જીવહે જલકો લીજે છાન
આચારી આચાર કર તુલૈન તાહી સમાન

રામસ્નેહી. એટલે શ્રીરામ સાથે અનંત સ્નેહ.

ભકત. એટલે ભગવત્ ભજન કરનાર.


હરિજન. એટલે હરીનું ધ્યાન ધરનાર.

એ મુમુક્ષુ સર્વેનો એક સિદ્ધાંત છે માટે આ રામ સ્નેહી કર્તવ્ય સર્વે મુમુક્ષુ જનોને ઉપયોગ કરવાની મારી નમ્ર ભલામણ છે.

સૃષ્ટી કરતા દેવ એકજ છે પણ ભાવીક ભકતો ભીન ભીન નામે ઇશ્વરને ભજે છે તો પરમાત્મા જુદા જુદા રૂપે તેમને પ્રસન્ન થાય છે જે પ્રમાણે એકજ સ્ત્રીને ભત્રીજાએ કાકી કહી બોલાવ્યાથી, ભાણેજે મામી કહી બોલાવ્યાથી, છોકરાએ મા કહી બોલાવ્યાથી, સાસુએ વહુ કહી બોલાવ્યાથી "ઓ" કહે છે. તો ભેદથી ભીન્ન ભીન્ન નામથી એકજ સ્ત્રી જવાબ દેય છે તે પ્રમાણે જુદા જુદા ભકતો જુદા જુંદા નામથી ભજે છે. પણ માલીક સર્વનો એકજ છે

શ્રી રામસ્નેહી કર્તવ્ય સમાપ્ત.

રામ રામ રામ રામ



પ્રકરણ ૬ છઠું.

સ્ત્રી સ્વધર્મ.

વાકય.

સ્ત્રી હીમતવાન નહિ પણ લજ્યાવાન હોય, શરમાળ તથા વિવેક યુકત પતિ અનુકુળ હોય તો તે સ્ત્રી સુસરગ્રહ અને મહિઅરની આબરૂ વધારે છે.

સ્ત્રી રૂપવાન કરતા ગુણવાન વધારે શોભે છે સ્ત્રી રૂપમાં રંભા સમાન હોય પણ તેના ગુણ નહિ સારા હોય તો તે રૂપને શું રડવુ?! કસ્તુરી કાળી છતાં ગુણને લીધે મોંઘી કીમતે વેચાય છે. 'ઇંદ્રવરણુ' મનમોહક છતાં તેને કોઇ સ્વી કારતું નથી.

કડવા લીંમડાની લીંબોડી વખત આવ્યે પણ મીઠી થાય છે. પરંતુ અયોગ્ય ભાષિણી વજ્ર જેવા હૃદયની .લજા હીન કુલટા સ્ત્રી શાસ્ત્ર શ્રવણથી કે બોધથી પણ સુધરી, પોતાની ખરાબ ટેવ છોડતી નથી. જે પ્રમાણે લસણના કયારામાં સુવાષિક કસ્તુરી રોપી મધુર સેંટ અ-તર નીરને ઠેકાણે સીંચો; પણ લસણની ખરાબ વાસ જતી નથી તેમ

કુલટા સ્ત્રી સુધરતી નથી.

સુવર્ણની વીંટીમાં સાચા હીરાને બદલે ખોટા કાચનો કટકો લગાવવો ખેદ કારક છે તે પ્રમાણે બાળાના ગુણ ભેદ રૂપ ઉમ્મર અને તેવાજ ગુણ સામે વાળાના સરખાવી કન્યાદાન દેવું એજ યોગ્ય છે નહિ તો લાકડે માકડું વળગાડી **"કાગડાની કોટે રત્ન બાંધવા જેવુ"** કરી સુવર્ણ વીંટીમાં કાચનો કટકો જડવો એ અયોગ્ય છે.

સરખે સરખાનેજ અરસપરસનું આકર્ષણ થાય છે. તેમજ બન્નેમાં એક સરખાં ગુણ હોય તેનોજ ઘર સંસાર સુખી નીવડે છે. માટે જેમ બને તેમ મા બાપે બીજી કંઇ સ્વાર્થની લાલસા નહી રાખતા યોગ્ય જુગ્લ જોડી જોવી; કે જેથી સંસાર યાત્રા સુખ રૂપ નીવડે

સ્ત્રીએ પોતાનો પતિ કરૂપવાન હે ય નિર્ધન હોય, દરિદ્ર હોય, રોગી હોય, અધંગ હોય તો પણ પોતાના પતિનેજ પરમેશ્વર રૂપ માની પતિ પરાયણ રહેવું અને યોગ્ય વખતે યોગ્ય દષ્ટાંત આપી બુરી ટેવ છોડાવવી એજ શ્રેષ્ટ કરતાં છે.

પતિવૃતા સ્ત્રીઓ તો સઉથી પરમ પવિત્ર સાધન પોતાના પતિનેજ માને છે તેઓના ચરિત્રો અતિશ્રેંષ્ટ હોય છે શીયળવ્રત તથા સદાચરણ પાળવામાંજ, કુળની મર્યાદા રાખવામાંજ, તત્પર રહે છે.

પતિનો વિયોગ પામેલી સ્રી બહુ દુઃખદાય સ્થીતિ ભોગવે છે તેથી પતિવૃતા સ્રી પતિ વિરહનું દુઃખ વેઠવા કરતા મૃત્યુના મુખમાં જવાનું વધારે પ્રસંદ કરે છે. સ્રીને પોતાનો પતિ એજ પરમાત્મા રૂપ છે અને તેની સેવા કરવામાંજ પોતાની ગતી છે; તેથી પ્રાણાંન્તે પણ પતિ આજ્ઞા લોપવી નહિ.

જે પુરૂષ સુંદર શીયળવંતી કુળવાન ધર્મ પત્ની મેલી નીચ કુળતા સાથે પ્રીતી કરે છે તે "રૌ રૌ" નર્કનો અધિકારી થાય છે.

પતિએ પણ પોતાની પત્નિને અર્ધાંગના જાણવી હળી મળી ચાલી તેને સર્વહક લાયક જાણી સંપથી વર્તવું.

સ્રીનો સર્વાતે પતી ગુરૂ છે અને તેથી સર્વદા સ્ત્રીને તો તેજ પુંજવાને ભજવા યોગ્ય છે.

સ્ત્રીએ પોતાના પતિના દરેક દુઃખમાં ભાગ લેવાને તૈયાર થવું પોતાના પતિને પ્રસંદ પડતે સ્વભાવ રાખવો પતિની આજ્ઞા કદી ઊલંગન કરવી નહી વળી પતિને માઠુ લાગે એવું કદી બોલવું નહી.

સ્ત્રીએ પોતાના પતિના સઘળા હુકમને તાબે થવું તેમની કાંઇ પણ ભુલ પોતાને માલમ પડે તો તે એકદમ તેમની

સામે થઇ નહી કહેતા. વિવેક અને વિનયથી વિનવી શાન્ત પણાથી તેમની તે ભુલ બતાવવી.

સ્ત્રીઓ પોતાના પતિ વડેજ શોભાયમાન છે માટે પોતાની ખુબસુરતી ઉપર જરા પણ ગુમાન અને અહંકાર લાવવો નહી. પોતીકી કોઈપણ ચાલથી પોતાના પતીને નાખુશી ઉપજે તોતે ચાલ બદલી નાંખી પોતાના પતીની અનુકુળ વર્તવાની યોજના કરવી.

સ્ત્રીએ હમેશાં યાદ રાખવું કે પોતાના પતીની પ્રસન્નતા મેળવવામાં તેમજ ગ્રહ સુત્ર નિભાવવામાં બીલકુલ નીચ પણું નથી તેમજ પડતી હડચણો વેઠવામાં જરાપણ હલકાઇ ગણવી નહી.

સ્ત્રીએ કદી નકામાં કે આળસુ થઇ બેસી રહેવું નહિ, પણ ફુરસદને વખતે કાંઇ કામ લઇ બેશવું. નહિતો પોતાના મનને સણગારવા શાસ્ત્રના ગ્રંથ વાંચવા પોતાના ઉપર કદી દુઃખ આવી પડે તો તે સહન કરવા નાહીંમત થવું નહી કષ્ટ વખતે પોતાના પતીને મદદ રૂપ થઇ સંપથી વર્તવું.

સવારમાં ઉઠીએ ત્યારથીજ પોતાનો ચહેરો ખુશનુમાન આનંદી રાખવો તેમ વર્તવાથી પોતાના પતીને અગર ગમે તેનો ગમે તેઓ ગુસ્સો હશે તો તે ઉતરી ગયા વગર રહેશે નહિ

સ્ત્રીઓએ પોતાના શરીરને તથા ઘરને ચોખ્ખુ રાખવુ અને સ્વચ્છતાથી આયુષ્ય નિર્ગમ કરવું.

પોતાને ઇશ્વરે જે પતી આપ્યો હોય તે ઇશ્વરરૂપ જાણી તેમાંજ સંતોષમાની હંમેશા તેની સાથે આનંદથી વર્તવું.

સ્ત્રીએ પતીની યોગ્ય સેવા પતિપરાયણ પતિનેજ ઇશ્વર જાણવો, એ શીવાય તપ કરવાનું છેજ નહિ. સતિસાવીંત્રીએ પોતાના પતિવ્રતાના બળે યમ પાસેથી પોતાના સ્વામીને મુકત કર્યો અનુસુયાએ બ્રહ્મા વીષ્ણું અને મહેશને બાળક બનાવી અતિથી સત્કાર કર્યો માટે પતિની સેવા એજ સ્ત્રીનું **તપ**, **બળ**, અને **મોક્ષ**, છે.

ગરબી.

લલના નહિ થાય લગાર કામણ મંત્ર એ રાહ.

સહુ સુણજો બેનો વાત શીલ તણી કાને
નિજ પતિં હિતકારી ઉપાય, પણ ધરજો ધ્યાને—ટેક

સંપ સગામાં રાખીએ સર્વથી, મન માયાળુ કરવું રે
લોભ મોહ મદ મત્સર મેલી, સરલ પણું સંઘરવું—શીલ ૧

નહિ નીતિને અળગી કરવી, પ્રીત કરી શુભ પંથે રે
હોંસ ધરી હૈયામાં ઝાઝી કરો બતાવ્યું કંથે—શીલ ૨

પતિ તમારા ઈષ્ટ ખરે ખર, એજ સદા સુખ કારી રે
પતિ સેવા એજ તપ તમારૂ વિનયે જુવો વિચારી—શીલ ૩

ભણ્યા તણું ફળ નાથ તણી જે, પ્રીત વધે શુભ રીતે રે
ભણ્યા ભલે પણ ગણ્યા નહિ તો શંકટ શીરપર વીતે—શીલ ૪

ક્ષણભંગુર આ દેહથી પણ કરીએ જે શુભ કામ રે
અખિલ વીશે તે અમર કરે છે સદૈવ નીજનુ નામ—શીલ ૫

કામ કાજ સહુ ઘરનું કરવું ડરવું દુર્ગુણ દેખી રે
સદગુણ ગૃહણ કરો સહુ બ્હેનો, સુખદાયક બહુ લેખી—શીલ ૬

પ્રતિ પ્રાણેશ્વરની વય વધવા સુઝે મારગ સાચો રે
વિશ્વેશ્વર ઇશ્વરની પાસે કરજોડીને જાચો—શીલ ૭

ઇશ્વરના આપેલા ઇશ્વર, ખેદ ન પામે જરીએ રે
પુરો પ્રેમ ધરી પોતા . ાં, સ ્વ સેવા કરીએ—શીલ ૮

પ્રિતે પ્રાણનાથને રાજી કરવા સદગુણ સંપન્ન ્રવા રે
કેશવ આ ભવશાગર માહે શુભ માર્ગ સંચરવા—શીલ ૯

પદ

થિર હરિને કોઇ આ ઠામ રે નહિ રહેવાનું એરાહ
શુકરશે સ રૂ બ્હેન કોરી કેળવણી
સદગુણી ન હિ જો હોય સાથે મેળવણી—ટેક

વાંચન વિવિધ જાતનું શીખ્યાં લખતાં શીખ્યાં એશા રે

ઇતિહાસમાં ચુક ન એકે ચિત્ર વિચીત્ર વિશેષ —કોરી ૧

ગીતો સુંદર ગાતાં શીખ્યાં ભુંગોળ ભણ્યા ભાવે રે
સારી વાકયની જોડણી કરતાં ચુક ન એકે આવે—કોરી ૨

કદિ રાંધતાં જમતાં શીખ્યા શીખ્યાં કદી પિરસવારે
સરખે સરખી સખીઓ સાથે શીખ્યાં શુંદર હસવા—કોરી ૩

પાંખાં પટકુળ પહેરી અંગે ઘણા ઘરેણા ઘાલી રે
દેશ દેશની વાતો કરતાં શીખ્યાં પાડી તાળી —કોરી ૪

ખાટ પલંગ ખુરશીએ બેઠાં મોજ મજા બહુ માણીરે
દિન જનોને દુઃખીયા દેખી દયાન મનમાં આણી —કોરી ૫

હક સ્વામીનો સરખો લેતાં શીખયાં કેવો સારોરે
સ્વતંત્રતાનો મદ મેલીને હળી મળીને ચાલો —કોરી ૬

ભણીં ગણીને જે કરવાનું તે તો રહે છે અળગુંરે
નહી શીખ્યાનું તે શીખે છે પાછળથી પસ્તાવું —કોરી ૭

સાર ભણીને જે લેવાનો તેતો રે છે દુરરે
ભણ્યા પણ ગણ્યા નહીતો આખર ધુળકી ધુળ —કોરી ૮

કેલવણીનો અર્થ ન સમજે હું પદમાં અથડાયરે
કેશવ ભણતર સદગુણ વિના ઓપે નાહિ લગાર —કોરી ૯

સ્ત્રી સ્વધર્મ સમાપ્ત.

પ્રકરણ ૭ મું.

ભજન સંગ્રહ.

રાગ ધોળ.

હો રઘુવરજી આ અવસરમાં; રાખો લાજ અમારી,
મુને મેર કરી સેવક જાણી, રાખો શરણ તમ.રી—ટેક
મુને રામભક્ત સહુ કો કે છે, મુને કામ ક્રોધ મદ મારે છે,
મુને લોભ પારધિ દુઃખ દે છે—હો રઘુવરજી ૧.

મુને અશન વશન નીંદ્રા હેરો, મારા પાપ તણો નાવે છેડો,
મોહ મત્સર નહિ મેલે કેડો—હો રઘુવરજી ૨.
મને દશે દિશે ઇંદ્રિ તાણે, ચિત્ત બુદ્ધિ રહે નહિ ઠેકાણે,
કેમ ઉગરીએ આણે ટાણે—હો રઘુવરજી ૩.

તમે રઘુકુળનાછો મુગટમણી, રખે અવગુણ આણો ઉર ભણી
ક્ષણ દ્રષ્ટિ કરો મુજ રંક ભણી—હો રઘુવરજી ૪.
હું તો કૈંક કરમનો કરનારો, નથી ઉગરવાનો એકે આરો,
આશારામ કહે ભવજલ તારો—હો રઘુવરજી ૫.

રાગ ધોળ.

હાંરે હરિ ભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાયરે,
ત્રણ તાપ ટળેજન્મ મરણનાં સંકટ સર્વે જાયરે—ટેક.
હાંરે શુકદેવનું મુળ જુઓ સોધી શજનું કસાઈ તે પશુ પરોધી
થયા ઇશ્વર આપે અક્રોધિ—હરિ ભજન થકી ૧.
જુઓ વાલ્મીકનીતો વાત ખરી, જેણે દર્ભશાળામાં દેહ ધરી
તેણે સત કોટી રામાયણ કરી—હરિ ભજન થકી ૨.
જુવો રૂષી સંગી છે હરણીના જુઓ વેદ વ્યાસ વિન પરણીના
જુઓ સુત પુ ાણી કોણુ કરણીના—હરિ ભજન થકી ૩
જુઓ દાસી સુતનું હીણપણું વળી પુણ્ય પવિત્ર ચરિત્ર ઘણું
થયા નારદ મન ગોવીંદ તણું—હરિ ભજન થકી ૪
જુઓ માંડવની મેદકી માતા જુઓ વસિષ્ટ વેશ્યા વિખ્યાતા
જુઓ ચતુરાનન પંકજ જાતા—હરિ ભજન થકી ૫
જુઓ મધ્ય જળ ગગામાં ભળે તે ગંગા સરખું થઇને પૂળે
જેમ પારશ પરશે લોહ ટળે—હરિ ભજન થકી ૬
એમ જાત ભાત સૌની જાણી, હરિને ભજે . તે હરિનું પ્રાણી
કહે **પ્રીતમ** ઓળખો એધાણી—હરિ ભજન થકી ૭

પદ.

હરી ભજતાં હજુ કોઇની લાજ, જતાં નથી જાણીરે

ેની શ્રુતિ સ્મૃતિ દે સાખ વદે વેદ વાણીરે ટેક.
વાહાલે ઉગાર્યો પ્રહલાદ, હીરણ્યા કશ્યપ માર્યોરે,
વીભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યોરે—હરિ ૧
વાલે નરસીંહ મહેતાને હાર, હાથો હાથ આપ્યોરે,
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી સ્થાપ્યોરે.
વાલે મીરા તે બાઇનું ઝેર હળહળ પાધુરે,
પાંચાળીના પુર્યાં ચીર પાંડવ કામ કીધુરે—હરિ ૨
વાલે અમરીષની ઓળખાણે, અવતાર દશ લીધારે,
વાલે ગજની કીધી સ્હાય ગરૂડ પરહરીયારે,
આવો હરી ભજવાને લહાવો ભજન કોઇ કરશેરે,
કરજોડી કહે પ્રેમલદાસ ભકતનાં દુઃખ હરશેરે.—હરિ ૩

રાગ લલિત છંદ.

આયે હુકમદાર તુમ છોડો નગરી—ટેક.
ધરમ રાયકે દુત ફીરતહે ધુંધતહે, કોટડી કોટડી ૧.
ઘડીએક વિલંબ કરો ધરમ રાજા માયા સમેટી લઉં સઘળી ૨.
મેં જાણ્યું કે માયા સંગ ચલેગી ધરી રહી દમડી દમડી ૩.
કહે કબીર સુણોભાઇ સાધુ માયા દેખ દુનિયા બીગડી ૪.

પદ. રાગ ભોજાના ચાબખાનો.

મોહતું શીદને પ્રાણી ધરે પતંગીઉ દીપ મોહથી મરે—ટેક

હાથી જેવાં મોટાં પ્રાણીને મનુષ્ય તુરત વશ કરે
હાથીને છે મોહ નારીનો તેથી બંધમાં પડે—પતંગીઉ ૧

સાયંકાળે ભ્રમર ઘણાએ કમળ પુલમાં ઠરે,
ધ્રાણેંદ્રિય વશ થઇને તેજ કમળમાં મરે—પતંગીઉં ૨

ખાવાનો છે મોહ મીનને તેથી તેઓ મરે,
એજ મોહ મુકી મુકી માછીઓ મીનોને પકડે—પતંગીઉં ૩

પારધી કેરાં શરથી બચવા હરણી દોડતી ફરે,
રાગ રૂપી શર વશ થઇને તેજ બાણથી મરે—પતંગીઉં ૪

એક ઇંદ્રિયને વશ થયેથી આવું દુઃખજ પડે,
પંચેંદ્રિય જનને **મોતીરામ** એ તે કેમ નહી નડે-પતંગીઉં ૫

પદ. રાગ કેદારો.

મન તું ભરમ ભુલ્યો વીર
મૃગ તૃષ્ણા જળ દેખી ધાયો પરિહરિ પરગટ નીર—ટેક

સાચા પ્રીતમ પરિહરયારે કુડે કીયો શીર,
ભીડ પડયા ભાગી જાયગા રે કોઇ ન બંધાવે ધીર—મનતુ

માત પીતા સુત ભાંમનીરે ઈન સંગ પાવે પીર,
ધન જોબન મત દેખ ભુલે યે સબ નાહી સ્થીર—મનતુ ૨

જગત ધારયો રામ વિસારયો ગ્રહ કોડી તજ હીર,
અંતકાળ પિછિતાયગેરે સુન કાપૂર એ પીર—મનતું ૩

ભરમ કરમસું લાગિયોરે સમજયો નીરનક્ષીર,
કાચા સબ ગલ જાયગારે જયું પાવક સંગ કથીર—મનતું ૪

સતગુરૂ શબ્દ પિછાણકેરે છાંડ છીલર તીર,
રામ ચરણ દરિયાવ ભજીરે રામ ગુણાહે ગંભીર—મનતું ૫

પદ. રાગ જૈજૈવતી.

ભજન બનત નહીરે મન સહલાની—ટેક
આછે નીકે ભોજન ચહિયે ઓર ઠંડા પાણી,
ચાવનેકો પાન ચહિયે ઓર પીકદાની—ભજન ૧

સેજતો સલોની ચહિયે રૂપવંતી નારી,
પુત્રતો સુપુત્ર ચહિયે કુલકી નિશાની—ભજન ૨

હાથી ચહિયે ઘોડા ચહિયે તમ્બૂ અસમાની
કિલ્લાતો અટૂટ ચહિયે તોપ ધુર ધાની—ભજન ૩

બાળ પણો વિત ગયો વિત ગઇ યુવાની,
આયો હે બુઢ્ઢાપો રામા લાગો ખેંચાતાની—ભજન ૪

કહતહે **મલુકદાશ** છાંડદે બિરાની આસા,
એસી દુનિયા ભોરી સાધો! ભર્મ મે ભુલાની—ભજન ૫

પદ—રાગ ગરબી.

સાર છે સાર છે સાર છે રે રૂડા રામ રટણમાં સાર છે
મનુષ્ય દેહ પામીને રામને વિસાર્યા (૨)

ધીઃક તેનો અવતાર છે રે—સીતારામ —૧
મનુષ્યા દેહ **પામીને** સમરણ ભુલ્યો (૨)
તેને કલ્યાણની વાર છે રે—સીતારામ —૨
કુસંગ કુનાર નો સંગ કર્યાથી (૨)
જમનો મોટો માર છે રે—સીતારામ —૩
લખ ચોર્યાસીના ફેરારે ફરતા (૨)
મનુષ્ય દેહ છેલ્લો અવતાર છે રે —૪
કહે **નરભેરામ** ગુરૂ પ્રતાપે (૨)
રામ રટે ભવ પાર છે રે—સીતારામ —૫

પદ. રાગ સોરઠ.

કાહેકુ દેહ ધરી ભજન બિન કાહે કું દેહ ધરી—ટેક
ગર્ભ વાસ કો ત્રાસ દેખાઈ વાકી પીડ બુરી—ભજન-૧
કોલવચન કરી બાહેર આયો અબ તુમ ભુલ પડી-ભજન-૨
નોબત નગારા બજત બધાઈ કુટુંબસબ દેખ ઠરી—ભજન-૩
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર જનની ભારે મરી—ભજન-૪

પદ રાગ ચલત.

રટતા કયું નહિરે હરિનામ બંડા તેરે કોડી લગેનહી દામ—ટેક
નર દેહી સમરણ કુંદીની બિન સુમરે વેકામરે
બાળ પણું હુસ ખેલ ગુમાયો તરૂણ ભયે બસ કામ—બંડા ૧

પાવ દીયા તોયે તીરથ કરને હાથ દીઆ તો કરદાનરે
નૈન દીયા તોયે દર્શન કરને શ્રવણ દીયા સુણ જ્ઞાન—બંદા ૨
દાંત દીયા તેરે મુખકી શોભા જીભ્હા દઇ ભજ રામ
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર એ જીવનેકો વે કામ—બંદા ૩

પદ રાગ સોરઠ.

કબ સમરોગે રામ અબતુમ કબસમરોગે રામ—ટેક
ગર્ભ વાસમે જપતપ કીનો નીકળ હુવા બેઇમાન—અબ ૧
બાળ પણો હસ ખેલ ગુમાયા તરૂણ પણાતે કામ
હાથ પાંવ જબ કંપન લાગે નીકળ ગયો અવસાન—અબ ૨
જુકી કાયા જુકી માયા આખર મોત નિદાન
કહેત **કબીરા** સુણભાઈ સાધું ગ્રહી ઘોટે કીલગામ—અબ ૩

પદ.

નથી ખોટનો વહેપારરે **રામનામ** સમરણ મોઝારરે ટેક.
રામ કહયો સાગરમાં ગજેદ્રે વિના વાહને પહોંચ્યો તે વારરે. નથી ૧
રામ રટયા મીરાંને મહેતાએ સર્વ સમય લીધી સંભાળરે. નથી ૨
સેનાને સેવા બહુ ભાવી નાઇ થઇ પહોંચ્યો તેને દ્વારરે. નથી ૩
ભકત વત્સલ સુનામ પ્રસીદ્ધ છે માટે ભકતોની લેવી સંભાળરે
નથી. ૪

દાસ પરે દયા લાવોરે—એ રાગ

અરજી મારી ઉર ધારોરે, રમતિતુરામ અરજી મારી ઉર ધારો,
હું છું સેવક તારો વાલા, બાળકને લેજો ઉગારી,
બાંય ગૃહી મેં તારીરે—રમતિતુરામ ૧.
દીનબંધુ દિનાનાથ અનાથના છો તમે નાથ,
દીન જાણીને રહેમ લાવોરે—રમતિતુરામ ૨.
અનેક જન્મે ભુલ્યો નાથ તમને વિસાર્યો,
આ જન્મે લ્યો ઉગારીરે—રમતિતુરામ ૩.
બિરદ તારૂં સંભારી શરણે લેજો મોરારી,
સ્તુતિ ઉત્તમની લો સ્વીકારીરે—રમતિતુરામ ૪.

રાગ ગરબી ચલતી.

જેણે નામ સુધારસ પાન કીધું, તેણે સર્વે સાધન સાધ્યું,
પુરાણે પોકાર્યું શાસ્ત્રમાં સુચવ્યું, જુઓ વેદમાં તત્વ બતાવ્યું.
જેણે ૧.
જપ તપ કરો, કાશી કરવત ધરો, તુલાદાન કરો આ તનનો,
જેણે ૨.
તીર્થાતન્ કરો ગંગાસ્નાન કરો, બીજા અનેક સાધનો આરંભો,
જેણે ૩.
સકતરામ શીષ્ય ઉત્તમ કહે, શ્રેષ્ઠ સાધન નામ કળીમેં,
જેણે ૪.

રાગ ઝુલણ છંદ અથવા પ્રભાત.

મંન તું મ.હયરૂં, માંનને આજતો,
પૂરી કરીને નવ કહીશ તુજને.
ઇષ્ટ શ્રી રામનુ ધ્યાન ધર સર્વદા.
જયાં જયાં જાય ત્યાં મળશે તુજને—ટેક.

રામ તો માહ્યરો વારે તારી આવશે,
ભીડ ભંજનતે ભુખભાંગે.
ઘડી ઘડી યાદતો લાવવો શ્રેય છે,
ભકત ભુધરને પાયે લાગે—મનતું ૧
સંસારમા સરજીને ભકિત હું માગુંછું,
રામ નિરંજન આપશો કે ?
અખિલ બ્રહ્માંડના ગુરૂ પ્રતાપેતો,
કષ્ટ તું સઘળા કાપશો કે ?—મનતું ૨
સમજ સંસારમાં સાર શું ભાઇ છે
ગુરૂ મહારાજ તે તો બતાવે
સૌ સાર સંસારમાં જન્મ્યું જેહ એ,
ભકિત કરે મુકિત પોતેજ પાવે—મનતું ૩
ધ્રુવ પ્રલ્હાદની ભકિત જુકતે જુઓ
પ્રીતે પ્રભુજી ને વશ કિધા.
જમના હાથથી ઝટદઇ છુટિયા,

કહે ઉત્તમ અચળ તો પદ લીધા.—મનતું ૪

રાગ પ્રભાત.

હરિ હરિ રટન કર કઠણ કળી કાળમાં,
દામ બેસે નહિ કામ સરસે.
ભકત આધિન છે શ્યામ સુંદર સદા,
તે તારાં કારજ સિદ્ધ કરશે—ટેક.

અલ્પ સુખ કાજ શું મુઢ ફુલ્યો ફરે,
શીશ પર કાળ રહયો દંત કરડે.
પા પલકની ખબર તુજને નહિ,
મૂઢ શું જોઈને મૂછ મરડે ?—હરિ હરિ ૧
પ્રૌઢ પાપે કરી બુદ્ધિ પાછી પૂરી,
પરહરી થડ શું ડાળે વળગ્યો.
ઇશને ઇર્ષા છે નહિં જીવપર,
આપણે અવગુણે રહયો અળગો—હરિ ૨
પરપંચ પરહરો સાર હૃદયે ધરો,
ઉચરો હરિ સુખે અચળ વાણી
નરસીંયા હરિ તણી ભકિત ભૂલીશમાં,
ભકિત વિના બીજુ ધુળ ધાણી—હરિ ૩
(તમે ભાવે ભોજન જમજોરે—એ રાગ)
પ્રભુ શરણ ગ્રહી મેં તમારીરે દયા હે ધારી—ટેક

આ અવસરમાં મુજને માવા લ્યો ઉગારી,
દીન અરજી મારી સ્વીકારીરે—દયા હે ધારી ૧

પ્રભુજી મારી કૂમતિ હોય તે કાપો,
ભક્તિ નિત્યે ઊરમાં સ્થાપોરે—દયા હે ધારી ૨

પ્રભુજી ખરૂં જોતા ખલક ખોટી ભાસે,
જેથી રહું સદા ઉદાસેરે—દયા હે ધારી ૩

પ્રભુજી પાપ અનેક જનમના નિવારો,
આ સંસાર સમુદ્રથી તારોરે—દયા હે ધારી ૪

પ્રભુજી સેવક શરણે રાખી સુધારો,
ગણી **ઉત્તમ** ગુલામ તમારો રે—દયા હે ધારી ૫

(મનુષ્ય અવતર શ્રેય પ્રાણીયા સાર તું ગ્રહીલેજે-એ રાહ.)
જન્મ ધરીને મનસા દેહમાં કામ તેં શું? શું? કીધું,
પ્રથમ પુછું પ્રાતે એ પ્રાણીયા સાથે લઇ જવા શું લીધું.
એ મનસા જન્મ ધરી શું? કીધું?—ટેક.

ગર્ભવાસે હતો તું જ્યારે પ્રસવ થતાં બોલ્યો ત્યારે,
હુંવા હુંવા શુ પોકારે-રે મનસા જન્મ ધરી શુ? કીધું ૧
પાંચ વર્ષનો બાળ થયોતું લાડ પાડ છૈયો છું,
ભાઈ ભાઇ સર્વએ કહ્યું તેમાં શું વળ્યું-રે મનસા જન્મ
ધરી શું કીધું ૨

સાત વર્ષે ભણવા તું ચાલ્યો હાથ માંહે હેમજ ઘાલ્યો,
કંચન કાયા હેમેંજ મઢી લીધું—રે મનસા જન્મ ધરી શું કીધું ૩
બાર વર્ષે બાળક મટી (૨) યુવાન પદ તેં લીધું—રે મનસા ૪
લગ્ન તારા કાલે થાશે જુવતી સંગે રમવા જાશે,
સગા તારા બહુ હરખાશે—રે મનસા જન્મ ધરી શું કરશે ૫
બાવીશ વર્ષ લગી જારે રમ્યો પુત્ર પુર્વે પુંન્યે પ્રગટ્યો,
તેનો ખર્ચો તેં જાતે ખમ્યો—રે મનસા જન્મ ધરી શું કરશે ૫
પરોપકારે પાઇ ન ખરચી વૃદ્ધા વયે થયો બબરચી,
સમજ મૂંઢ તારી શી ગતિ—રે મનસા જન્મ ધરી શું કીધું ૬
ભવ બંધન કાપવા માટે ભક્તિ કરતું શીરને સાટે,
વંદી વંદી **ઉત્તમરામ** એ માંગે—રે મનસા જન્મ ધરી
શું કીધું ૭

૫૬.

માથે માથે મતી, ગતી ન્યારી ન્યારી,
ૐ રામ ઘટો ઘટ ઘુમી રહ્યો. ટેક.
જગ જ્યોતિ કહો, ઉદ્યોતિ કહો,
યાતો અગ્નિમાં લગ્નિ લગી રહયો
પહાડ પાણી પ્રવેસીને દેહ દહો, ૐ રામ—૧
અલ્લા કહો અવિનાસી કહો,

અહુર્મદ અજીજી યા શું કહો.
કોઇ અચ્યુત ઇશ્વર ચિત્ત ચહો, ,, —૨

કોઇ ગોડ કહો યા ધી લોર્ડ કહો,
પરમેશ કહો યા પ્રભુજી કહો.
ન્હાય ખુદા કહો સબસે જુદા કહો, ,, —૩

જગદીશ કહો જલેશાનું કહો,
જરથોરત કહો યા જબાર કહો.
શ્રી કૃષ્ણ કહો યા કરીમ કહો,
શ્રીનાથ કહો પારસનાથ કહો, ,, —૪

શ્રીદેવી કહો દેવાન કહો.
હનુમાન કહો યા અનંત કહો,
રામ કહે યા રહેમાન કહો, ,, —૫

શકિત શંભુ કે શંકર શેષ કહો.
બાપુ બુદ્ધિ ફેલાવીને લક્ષ લહો, ,, —૬

રાગ ભૈરવ

પતિત ઓધારણ બિરદ તુમારો, અબકો રામ પતિતકું તારો.
ટેક.

ભકત વસ્તળ કું ભકતી પ્યારી હમતો પતિત પાપકી કયારી
પતિત ૧

અજામેલ ગુણુકાસી ત્યારી ઉનસુ મેંલી નિતિ હમારી-પતિત ૨

કામી કપટી મેં પણ હારી, લોભી લંપટ વિકલ વિકારી-પતિત ૩

તનમન અશુચિ નહી આચારી પ્રપંચિ અરૂપર ધન હારી
પતિત ૪

ગુણ કરતાસું અવગુણ કારી અપનું અવગુણ ગુણ વિસ્તારી
પતિત ૫

રામ ચરણ મન એહી ભિચારી ગુણ સાગર મે શરણ તુમારી
પતિત ૬

પદ રાગ ધનાશ્રી

સૌનુ કરો કલ્યાણ દયાળુ પ્રભૂ સૌનુ કરો કલ્યાણ—ટેક
નરનારી પશુ પક્ષીની સાથે જીવજંતુનું તમામ—દયાળુ ૧
મનુષ્ય દેહના સાર્થક કરીએ કૃપા કરો કીરતાર—દયાળુ ૨
આપો સદ બુધ્ધિ સમરણ કરત સ્હેજે ઉતરીયે પાર - દયાળુ ૩
કોઇ કોઇનુ બુરૂ ન ઇચ્છે સૌનુ સમજે સમાન—દયાળુ ૪
પોત પોતાના ધર્મ પ્રમાણે સર્વ ભજે ભગવાન—દયાળુ ૫
ભીન ભીન નામે ભકતો ભજેછે સર્વને તુજ આધા —દયાળુ ૬

પદ.

અંતર જામીને નથી અજાણ્યુ મન માને તેમ મહાલો—ટેક
પુન્ય પાપના બે મારગ છે, મન માને તે ઝાલોરે--અંતર ૧
કર્યાં કર્મ ભોગવવા પડશે, જોઇ વિચારી ચાલોરે—અંતર ૨

હરીને ઘેર તો હિશાબ એક છે, કોણ વેરી કોણ વહાલોરે—અંતર ૩
વિના સમજ્યો વહેપાર કરોછો, ફેરો પડશે ઠાલોરે—અંતર ૪
મનસાદેહી અનુપમ પામી, રામ ભજી મુકત 'થાઓરે—અંતર ૫
પ્રીતમના સ્વામીને ભજતાંતો, જન્મ મરણ મીટી જાશેરે—અંતર ૬

आरति.

આરતિ **રમતારામ** તમ્મારી,
તુમસૂં લાગી સુરતિ હમારી—ટેક.
રમતારામ સકલ ભરપૂરા,
સૂક્ષ્મ સ્થુલ તુમ્હારા નૂરા—આરતિ ૧
આરતિ સુમિરણ સેવા કીજે,
સબ નિર્દોષ જ્ઞાન ગ્રહિ લીજે—આરતિ ૨
એહી આરતિ એહી પૂજા,
રામ વિના દરસે નહિ દૂજા. ૩
શિવ સનકાદિક શેષ પુકારે,
એ આરતિ ભવ સાગર તારે. ૪
રામચરણ એસી આરતિ તાકે,
અષ્ટ સિદ્ધ નૌનિધિ ચેરી જાકે. ૫

ભરૂચ સ્નેહી મિત્ર રામભકત ઠાકોરલાલ અમરચંદને.

દિલાસા પત્ર.

અરર ઓ પ્રભુ, કોપ શો કર્યો,
મિત્ર પત્નિનો, ખપ શો પડયો.
દેવ દયાળુ તેં, કામ શું કર્યું,
હમારૂં ધાર્યું અરે, હમારી પાસ રહયું.
સુભ જુગતે જોડીના, વિયોગ શું પડયા,
લખતાં આંસુ, મને અતિ ઘણા ખર્યા.
મીત્ર માહરા, સમજુ છો તમે,
તુટી તેની જુઓ, બુટી નવ મળે.
હવે પ્રભુ તમે, સંકટ કાપજો,
મિત્ર પત્નિ તણો, સદ્‌મોક્ષ આપજો.
(મિત્ર) ઉ-તમરામના, સંકટ સહુ હરો,
પુત્રી તેમની, ચીરંજીવી રહો.

સ્વભાર સ્વીકાર.

રામ સ્નેહી રામ ભકત, પરમ પ્રીયમીત્ર શા. ઠાકોરલાલ અમરચંદ જોગ, આપણો પત્ર અત્રે આપણુ મીત્ર ઉ-તમ રામ ભગવાનદાને, મલ્યો વાંચી આપણો આભાર માનું છુ.

શ્રી રામ પર વિશ્વાસ રાખી. પ્રભુ પળમાં ચાહેતે કરે તેજ શકતીવાન છે મહાન પિતા તે દયાળુ દેવની પાર્થના કરી પાછી થનાર બાઈ જડાવના અમર આત્માની ઊન્નતિ ચાહવી શ્રી રામ ઇષ્ટ પાસે તેમનો મોક્ષ માગવો એજ આપણો ધર્મ છે.

આવી સદગુણી સાધવી પત્નીનો વિયોગ મહાન ખેદ કારક છે ઇશ્વરનુ નિમિત છે પણ આપણા ભવિષ્યમાં હોય તે થાય છે પતિપરાયણ સદગુણી સ્ત્રી અને સજ્જનની મીત્રતા મહાન લાભ કારી છે કહેવત છે કે શજ્જન દુસ્મન સુખદાયક પણ મુર્ખમીત્ર દુઃખ દાયક છે. આપ જેવા સુજ્ઞ પુરૂષની બાળપણથીજ મીત્રતા થઇ માટે શ્રી રામનો પ્રાથના કરી ઉપકાર માનું છું. આપ આ સંવત ૧૯૭૦નાજ વર્ષમાં સુરત મુકામ છોડી ભરૂચ પધારયા. અત્યાર સુધીમાં આપણી સાચા સ્નેહની મીત્રતા ઉન્નતિ પામી, વળી આવી પ્રીતી સદાને માટે કાયમ રાખશો અને પ્રીતીમાં વધારો કરશો, આ પ્રેમીના પ્રણામ સહીત વારંવાર રામ રામ સ્વી કારશો મીત્રને આભારી કરશો.



છપાય છે.

મદનગૌરી ઊર્ફે રૂપસુંદરી.

નામની નોવેલ થોડા વખતમાં બહાર પડશે. આ નોવેલમાં અત્યુત્તમ બોધ લાયક કહેવતોનો ચિતાર આપવામાં આવ્યો છે.

પ્રથમ નટવરસીંહની બહાદુરી, પછી યુવાનીમાં અહંકાર આવવો, અને અહંકારના મદમાં સો પત્નીના પતિ થવું એ દ્રઢ નિશ્ચય કરવો, કેટલીક કન્યાઓનું પાણી ગ્રહણ કરવું, કારભારી મી૦ મંછુભાઇનું વચમાં આવવું, યુકતિથી સર્વે હકીકત કહેવી, નટવરસીંહનું નહિ માનવું, મી૦ મંછુભાઇની ભયકર માંદગી, મૃત સય્યાપર પડેલા મંછુભાઇની કેટલીક હિત શિક્ષા, ચાર બ્રહ્મ પુત્રોનો કમાવા જવાનો વિચાર વૃદ્ધ માતુશ્રીનો પુત્ર પ્રત્યેનો હેતભાવ બ્રહ્મ પુત્રોનું દેશાટણ, આખરનો સાર, વગેરેથી ભરપુર ફોટા સાથે નોવેલ છપાય છે.

અગાઊથી ગ્રહાક થઇ આશ્રય આપનારના મુબારક નામની નામાવળી પુસ્તકમાં પ્રગટ કરવામાં આવશે. અગાઉથી પાકા પુઠાની મુલ્ય રૂા. ૧. કાચા પુઠાની રૂા. ૦ાાા

નિરસાયર નામનો નાટક તૈયર છે. માટે લેવાની જીજ્ઞાસા રાખનારે રુબરૂમાં મળવું અગર લખવું.

ભકત શીષ્ય ભરૂચી
હીંમતલાલ માણેકચંદ (એલ. એમ. ઍાન્ડસન)
ઠે૦ નવાપુરા કરવારોડ—**સુરત.**

રામ રામ રામ

રામ રામ

રામ રામ રામ

રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ **રામ** રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ

રામ રામ રામ

રામ રામ

રામ રામ રામ